પૂર્વછાયો- આણી ઉદાસી અંતરે, એમ બોલ્યા વરણિરાટ ।
તે સુણી મુક્તાનંદજી, અતિ કરે છે ઉચાટ ॥૧॥
આવા ત્યાગી તપસ્વી, નિરમોહી વૈરાગ્યવાન ।
નિસ્પૃહપણું જોઈ જાણે, રખે જાતા રહે નિદાન ॥૨॥
કાંઈક ઉપાય કરું, જેણે રહે વરણિઈંદ ।
પછી મીઠી વાણીએ, બોલ્યા તે મુક્તાનંદ ॥૩॥
વૈશાખસુદીનો વાયદો, તે નહિ પડે ખોટો નાથ ।
તિયાં લગી તમે રહો, કહું કરગરી જોડી હાથ ॥૪॥

ચોપાઇ- તમને કહીએ છીએ અમે એહ, તેતો જોઈને તમારું દેહ ।
તપે કરી તન છે દુબળું, નહીં પોંચાય શહેર છે વેગળું ॥૫॥
ખારા સમુદ્રની છે ખાડી, તેતો ભુજ જાતાં આવે આડી ।
નથી સિધિ જાવા પગવાટ, અમે કહીએ છીએ તેહ માટ ॥૬॥
હમણાં રહો જાળવીને પળ, હું મેલું છું લખીને કાગળ ।
તેનો વળતો ઉત્તર આવે, કરવું સહુને જેમ સ્વામી કાવે ॥૭॥
તેની આજ્ઞા વિના નવ જાવું, અમને તો જણાય છે આવું ।
ત્યારે બોલ્યા હરિ તેહ પળ, સારુ લખો સ્વામીને કાગળ ॥૮॥
પછી મુક્તાનંદજી મહારાજ, બેઠા કાગળ લખવા કાજ ।

સ્વસ્તિ શ્રીભુજનગરમાંઈ, સ્વામી રામાનંદ સુખદાઈ ॥૯॥
દીનબંધુ પતિતપાવન, ભકતજનને મનભાવન ।
પુણ્ય પવિત્ર પ્રૌઢ પ્રતાપ, શરણાગતના શમાવો તાપ ॥૧૦॥
કૃપાનિધિ કરુણાના ધામ, પતિતપાવન પૂરણકામ ।
દયાસિંધુ દિલના દયાળ, નિજજનતણા પ્રતિપાળ ॥૧૧॥
અનાથના નાથ અધમોદ્ધાર, તમને કરૂં છું નમસ્કાર ।
કલ્યાણકારી જે અનેક ગુણ, તેણે કરી તમે છો પૂરણ ॥૧૨॥
સિદ્ધ સિદ્ધિઓ સર્વે કહેવાય, તેતો સેવે છે તમારા પાય ।
શુદ્ધ ભકત જે લાખો કરોડી, તે તમને નમે કર જોડી ॥૧૩॥
આપ ઈચ્છાએ મનુષ્યાકૃતિ, તમે ધરી પ્રભુ અમવતિ ।
એવા તમે જન સુખકારી, પ્રભુ વાંચજ્યો વિનતિ મારી ॥૧૪॥
અત્ર લોજથી લખ્યો કાગળ, તમ કૃપાએ સુખી સકળ ।
તમારા સુખના સમાચાર, લખજ્યો મારા પ્રાણઆધાર ॥૧૫॥
બીજું લખવા કારણ જેહ, સ્વામી સાંભળજ્યો તમે તેહ ।
કોશળ દેશથી આવ્યા છે મુનિ, કહું વાત હવે હું તેહુની ॥૧૬॥
દેહમાંહિ જેટલી છે નાડી, દેખાય છે તે સર્વે ઉઘાડી ।
ત્યાગ વૈરાગ્ય તને છે અતિ, જાણું આપે તપની મૂરતિ ॥૧૭॥
નીલકંઠ નામે નિદાન છે, શિવ જેવા વૈરાગ્યવાન છે ।
મેઘજેવા સહુના સુખધામ, દેખી દર્પ હરે કોટી કામ ॥૧૮॥
વર્ણિવેશ દૃષ્ટિ અનિમેષ, બ્રહ્મસ્થિતિમાં રહે છે હમેશ ।
ઉદારમતિ અચપળતા, પાસળે કાંઈ નથી રાખતા ॥૧૯॥
કિશોર અવસ્થાને ઉતરી, આવ્યા અત્ર તીરથમાં ફરી ।
સુંદર મુખ ને માથા ઉપર, કેશ નાના ભુરા છે સુંદર ॥૨૦॥
બોલે છે સ્પષ્ટ વાણી મુખ, નારી ગંધથી પામે છે દુઃખ ।
માન મત્સર નથી ધારતા, પ્રભુ વિના નથી સંભારતા ॥૨૧॥
જીર્ણ વલ્કલ ને મૃગછાળા, હાથમાંહિ છે તુલસી માળા ।
સરલ ક્રિયામાં સદા રહે છે, મુનિના ધર્મને શિખવે છે ॥૨૨॥

રાખે છે ગુરુભાવ અમમાં, વૃત્તિ લાગી રહી છે તમમાં ।
રસરહિત જમે છે અન્ન, તેહ પણ બીજે ત્રિજે દન ॥૨૩॥
કયારેક ફળ ફુલ નિદાન, ક્યારે કરે વારિ વાયુ પાન ।
કયારે અજાચ્યું અન્ન આવ્યું લીએ, ક્યારે મળ્યું પણ મુકી દીએ ॥૨૪॥
કયારેક મરચાં મીઢીઆવળ્ય, જમે એ જ એકલું કેવળ ।
ખારું ખાટું તીખું તમતમું, રસ નિરસ બરોબર સમું ॥૨૫॥
ટંક ટાણાની ટેવજ નથી, અતિ નિસ્પૃહ રહે છે દેહથી ।
જે જે ક્રિયાઓ કરે છે એહ, તનધારીએ ન થાય તેહ ॥૨૬॥
ગ્રીષ્મ પ્રાવૃટ ને શરદઋતુ, હેમંત શીત ને વળી વસંતુ ।
છોયે ઋતુમાં વસવું વને, વહાલું લાગે છે પોતાને મને ॥૨૭॥
મેડી મોલ આવાસમાં રહેવું, તે જાણે છે કારાગૃહ જેવું ।
ઉનાળે તો તાપે છે અગનિ, ચોમાસે સહે ધારા મેઘની ॥૨૮॥
શિયાળે બેસે છે જળમાંઈ, તેણે તન ગયું છે સુકાઈ ।
કિયાં બાળપણાની રમત, કિયાં પામવો સિદ્ધોનો મત ॥૨૯॥
બાળપણે સિદ્ધદશા જોઈ, અમે સંશય કરું સહુ કોઈ ।
એના તપના તેજને માંઈ, અમારું તપ ગયું ઢંકાઈ ॥૩૦॥
જેમ દિનકર આગળ દિવો, એ પાસે ત્યાગ અમારો એવો ।
એની વાત તો એ પ્રમાણે છે, સર્વ યોગકળાને જાણે છે ॥૩૧॥
તોય શિષ્ય થઈને રહ્યા છે, જેની અતિ અપાર ક્રિયા છે ।
કેણે થાતો નથી નિરધાર, જાણું પામ્યા છે શાસ્ત્રનો પાર ॥૩૨॥
પુછે છે પ્રશ્ન અલપ કાંઈ, તેમાં પંડિત રહે છે મુંઝાઈ ।
સભામાંહિ વાદ પ્રતિવાદે, બોલે છે પોતે શાસ્ત્ર મર્યાદે ॥૩૩॥
ત્યારે પંડિતના તર્ક સર્વ, થાય બંધ ને ન રહે ગર્વ ।
પુછે પ્રશ્ન કોઈ પોતા પાસ, ત્યારે બહુ રીત્યે કરે સમાસ ॥૩૪॥
ત્યારે સંશય કરે એમ મન, આ શું આવ્યા પોતે ભગવન ।
બેસું ધ્યાને જ્યાં જ્યાં મન જાય, તેને દેખે છે સાક્ષિને ન્યાય ॥૩૫॥
દુરિજન વચનનાં બાણ, સહેવા પોતે વજ્ર પ્રમાણ ।

એવા ક્ષમાવંત મહામતિ, પરદુઃખે પીડાય છે અતિ ॥૩૬॥
કોમળતા કહી નથી જાતિ, ઉપમા પણ નથી દેવાતિ ।
સર્ષપ ફુલ માખણ ને કંજ, જાણું પામ્યા કોમળતા રંજ ॥૩૭॥
સર્વ સાધુતા જે જે કહેવાય, તેતો રહી છે જાણું એહ માંય ।
તમ વિના એવા ગુણ બીજે, નથી સાંભળ્યા સાચું કહીજે ॥૩૮॥
એનાં ચરિત્ર જોઈને અમે, જાણું દૃઢતા જોવા આવ્યા તમે ।
વળી તમારાં દર્શન કાજ, અતિ આતુર રહે છે મહારાજ ॥૩૯॥
તેને રોકીને રાખ્યા છે આંઈ, કહો તો આવે તમ પાસે ત્યાંઈ ।
યાંની વાત મેં લખી જણાવી, રાજી હો તેમ મુકજ્યો કહાવી ॥૪૦॥
લખ્યું છે મારી બુદ્ધિ પ્રમાણ, સર્વે જાણી લેજ્યો સુજાણ ।
ઓછું અધિકું જે લખાણું હોય, કરજ્યો ક્ષમા અપરાધ સોય ॥૪૧॥
દયા કરીને વાંચજ્યો પત્ર, ઘટે તેમ લખાવજ્યો ઉત્ર ।
તેની જોઈ રહ્યા છીએ વાટ, આવ્યે ઉત્તર ટળશે ઉચાટ ॥૪૨॥
વારે વારે વિનતિ મહારાજ, કરું છું હું આ વરણિ કાજ ।
હશે તમને ગમતું તે થાશે, બીજા ડાહ્યાનું ડહાપણ જાશે ॥૪૩॥
થોડે લખ્યે બહુ માનજ્યો નાથ, રાખજ્યો દયા પ્રભુ મુજમાથ ।
એવો પત્ર લખ્યો મુક્તાનંદે, વાંચ્યો સાંભળ્યો સહુ મુનિવૃંદે ॥૪૪॥
કહે મુનિ ધન્ય છો મહારાજ, અતિ રૂડો પત્ર લખ્યો આજ ।
વાંચી આવશે વહેલા દયાળ, પ્રભુ લેશે આપણી સંભાળ ॥૪૫॥
પછી બોલ્યા એમ મુક્તાનંદ, સુણો નીલકંઠ મુનિઈંદ ।
લખ્યો સ્વામી પ્રત્યે પત્ર અમે, કાંઈક લખોને કહું છું તમે ॥૪૬॥
સુણી મુક્તાનંદનાં વચન, વિચાર્યું છે વરણિએ મન ।
હું શું લખી જણાવું સ્વામીને, કહ્યું ન ઘટે અંતર્યામીને ॥૪૭॥
જાણે મનની વારતા તેને, સર્વે લોક હસ્તામળ જેને ।
એથી અજાણ્યું નથી લગાર, જાણે સર્વે અંતરમાંહિ બાર ॥૪૮॥
એ આગે કરવી ચતુરાઈ, તે વિચારી લેવું મનમાંઈ ।
અમારે તો નથી એવો ઘાટ, લખું તમે કહો છો તેહમાટ ॥૪૯॥

એમ કહીને બેઠા એકાંત્ય, લખવા કાગળ કરી છે ખાંત્ય ।
કાજુ કાગળ લીધો છે કર, માંડી પાટી ગોઠણ ઉપર ॥૫૦॥
જમણા કરમાં કલમ લીધી, લખવા પત્રિકાની ઇચ્છા કીધી ।
પ્રથમ કરી મને વિચાર, માંડ્યા લખવા શુભ સમાચાર ॥૫૧॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મપ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય
નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણી મધ્યે મુક્તાનંદ સ્વામીએ
પત્ર લખ્યો એનામે એકતાલીશમું પ્રકરણમ્ ॥૪૧॥